**Publication:** Nirmal Gujarat
**Date:** 3/08/2013
**Edition:** Ahmedabad
**Page No.:** 3
**Headline:** Jalaj Maheswari and Ravija Amlani Ahmedabad's smart tech wizard – 2013

# જલજ મહેશ્વરી અને રવિજા અમલાની અમદાવાદના 'સ્માર્ટ ટેક વિઝાર્ડ' ૨૦૧૩



અમદાવાદ, શહેરની વિવધ શાળાઓના ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આશ્રમ રોડ ઉપર આવેલા ટાઉનહોલમાં અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બિઝનેસ સોલ્યુશન ફર્મ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા યોજાયેલી ટીસીએસ આઈટી ક્વિઝમાં ભાગ લીધો હતો. અમદાવાદની પ્રાદેશિક ફાયનલમાં સંત કબીર શાળા ના જલજ મહેશ્વરી અન રવિજા અમલાની તથા મહારૂાજા અગ્રેશન શાળાના યશ ગોહિલ અને માનસ ગુમા વચ્ચે સ્પર્ધા થઈ હતી. આ ફાયનલમાં ખૂબ સ્પર્ધાયુક્ત વાતાવરણ જોવા મળ્યું હતું. દરેક વિજેતાને આઈપેડ તથા દરેક રનર્સ અપને એક ગેલેક્સી ટેબ્લેટ આપવામાં આવ્યું હતું. વિજેતા જોડી મેગા ફાઈનલ્સમાં અમદાવાદનું પ્રતિનિધિત્વ કરીને "સ્માર્ટ ટેક વિઝાર્ડ ૨૦૧૩" સ્પર્ધામાં સામેલ થશે. વિજેતાઓને ડિરેક્ટર પ્રો. જે.એન. ગોસ્વામી -ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ તથા શ્રી પંકજકુમાર ગુમા - ડિલિવરી સેન્ટર હેડ - ટીસીએસ ગરિમા પાર્ક, ગાંધીનગર દ્વારા ઈનામ એનાયત કરાયું હતું. ક્વિઝમાં વિદ્યાર્થીઓ વચ્ચે ઈન્ટરેક્ટિવ ટ્વિટર કોન્ટેસ્ટ યોજવામાં આવી હતી, જેમાં સ્પર્ધકોને સોશ્યલ મિડિયા આઉટરીચ પ્રોગ્રામના હિસ્સા તરીકે ચકાસવામાં આવ્યા હતા. રિજીયોનલ ફાયનલમાં ૧૪૩૩ ટ્વીટસ નોંધાયા હતા. આ વર્ષે ટીસીએસ આઈટી વીઝ મારફતે સ્માર્ટ ટેક વિઝાર્ડ શોધ અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, કોઈમ્બતુર, દિલ્હી, હૈદ્રાબાદ, કોચી, કોલકતા, લખનૌ, મુંબઈ, નાગપુર અને પૂના સહીત દેશના ૧૪ સ્થળોએ યોજાશે. યુએઈ ટીમના વિજેતાઓ પણ મેગા ફાઈનલ્સના ટાઈટલ માટે સ્પર્ધા કરશે.